## (1) 'Mapping India's Energy Subsidies, 2020' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) રિપોર્ટ મુજબ, ભારતમા ઊર્જા સબસિડીમાં 2017ની સાપેક્ષે 2019માં 35%નો ઘટાડો થયો છે.

(3) ક્રુડ ઓઈલ તથા ગેસની સબસિડીમાં 65% વધારો થયો છે.

(4) ઈલેક્ટ્રીક કાર માટેની સબસિડીમાં 11 ગણો વધારો થયો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં CCEW અને IISD નામની સંસ્થાઓ દ્વારા 'Mapping India's Energy Subsidies, 2020' નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ CCEWનું પૂરું નામ 'કાઉન્સીલ ઓન એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટર' છે.

⇛ IISDનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ' છે.

⇛ રિપોર્ટના તારણો :

- વર્ષ 2017ની સાપેક્ષે વર્ષ 2019ની સ્થિતિ નીચેના તારણોમાં દર્શાવવામાં આવી છે.
- ઊર્જા સબસિડીમાં 35%નો ઘટાડો થયો છે.
- ક્રુડ ઓઈલ તથા ગેસ માટેની સબસિડીમાં 65%નો વધારો થયો છે.
- વિજળીકૃત વાહનો તથા પુનઃપ્રાપ્ય ઊર્જા માટેની સબસિડીમાં વર્ષ 2014 કરતાં 3.5 ગણો વધારો થયો છે.
- ઈલેક્ટ્રોનિક કાર માટેની સબસિડીમાં વર્ષ 2017 કરતાં 11 ગણો વધારો થયો છે. (આથી, વિધાન (2), (3) તથા (4) સાચાં છે.)

⇛ આમ, ભારતે પોતાના જાહેર સ્ત્રોતોને સ્વચ્છ ઊર્જા તરફનો વળાંક આપ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘ANNIM’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ 'Artifical Neural Networks Based Global Ionospheric Model' છે.
(2) આ મોડેલ આયનોસ્ફીયરમાં ઈલેક્ટ્રોનની ઘનતાની આગાહી કરવા માટે ઉપયોગી છે.
(3) આ મોડેલ યુરોપીયન સ્પેસ એજન્સી તથા ઈસરો દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.
(4) આ દ્વારા દૂરસંચાર સેવાઓ તથા નેવિગેશનના કાર્યમાં મદદ મળશે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ‘ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ જીઓમેગ્નેટીઝમ’ના સંશોધકોએ એક મોડેલ તૈયાર કર્યુ છે, જેના દ્વારા આયનોસ્ફીયરમાં ઈલેક્ટ્રોનની ઘનતાની આગાહી કરી શકાશે. આ મોડેલનું નામ ANNIM-Artificial Neural Networks Based Global Ionospheric Model છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે, જ્યારે વિધાન (3) ખોટું છે.)

⇛ આ મોડેલ દૂરસંચાર સેવાઓ તથા નેવિગેશન માટે ખૂબ જ મહત્ત્વનું છે. કારણ કે, આયનોસ્ફીયરમાં ખરાબ વાતાવરણના સમયગાળાના કારણે દૂરસંચાર સેવા તથા નેવિગેશનને વિપરીત અસર થાય છે. આ મોડેલ આયનોસ્ફીયરના અભ્યાસ દ્વારા આ બન્ને સેવાઓને મદદ કરશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વાતાવરણની આ ખરાબ પરિસ્થિતિ ભૂ–ચુંબકીય (જીઓ–મેગ્નેટીક) વાવાઝોડાના કારણે પણ હોય છે. આવા ભૂ–ચુંબકીય વાવાઝોડાઓ સૌર પવનો (Solar Winds) સાથે સંબંધ ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) બેંગ્લોર બ્લૂ ગ્રેપ્સ (દ્રાક્ષ) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દ્રાક્ષ માત્ર બેંગ્લોરમાં જ ઊગાડવામાં આવે છે.

(2) આ દ્રાક્ષ માટે દિવસનું તાપમાન $30^0$Cથી વધુ હોવું જોઈએ નહીં.

(3) આ દ્રાક્ષ લાલ રેતાળ પ્રકારની જમીન પર ઊગાડવામાં આવે છે.

(4) આ દ્રાક્ષનો મુખ્ય ઉપયોગ જયુસ તથા વાઈન બનાવવામાં થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ COVID-19ના કારણે બેંગ્લોર બ્લૂ ગ્રેપ્સના વેચાણને અસર થઈ રહી છે.

⇛ આ દ્રાક્ષ તેના વિશિષ્ટ સ્વાદ માટે જાણીતી છે. આ સ્વાદ માટેનું કારણ 'મિથાઈલ એન્થ્રેલાઈનેટ' છે.

⇛ આ દ્રાક્ષ મુખ્યત્વે બેંગ્લોર, ચિકબલ્લપુર અને કોલાર જિલ્લામાં ઊગાડવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ દ્રાક્ષ લાલ રેતાળ પ્રકારની જમીનમાં ઊગાડવામાં આવે છે. તથા આ દ્રાક્ષ માટે દિવસનું તાપમાન 35-$37^0$C અને રાત્રીનું તાપમાન 12-$15^0$C હોવું જોઈએ. આ પ્રકારનું તાપમાન તથા જમીન બેંગ્લોર તથા તેની આસપાસના વિસ્તારોમાં જોવા મળે છે. (આથી, વિધાન (2) ખોટું છે, જ્યારે વિધાન (3) સાચું છે.)

⇛ આ દ્રાક્ષનો ઉપયોગ મુખ્યત્વે જયુસ તથા વાઈન બનાવવામાં કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ દ્રાક્ષને વર્ષ 2013માં GI ટેગ મળેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) બ્લાઝર (Blazar) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેઓ સક્રિય ગેલેક્સી કેન્દ્ર હોય છે.
(2) તેમાં કદી બ્લેકહોલ જોવા મળતાં નથી.
(3) સમગ્ર બ્રહ્માંડમાં તે સૌથી વધુ તેજસ્વી અને ઊર્જાસભર પદાર્થો છે.
(4) તે ગામા–કિરણોનું ઉત્સર્જન કરે છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ એસ્ટ્રોફિઝિક્સના વૈજ્ઞાનિકોએ વિવિધ પ્રકારના બ્લાઝારમાંથી ઉતસર્જિત થતાં ગામા–કિરણોની ચલિતતા (Variability) વિશે અભ્યાસ કર્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ બ્લઝાર એ એક પ્રકારના સક્રિય ગેલેક્સી કેન્દ્રો (AGN-Active Galactic nuclei) હોય છે કે જેના જેટ્સ (Jets)એ નિરીક્ષકની દશ્યરેખા (Line of Sight) સાથે સંરેખિત થયેલા હોય છે.
(આથી, વિધાન (1) સાચું છે.)

⇛ કેટલાક બ્લાઝારમાં બાયનરી બ્લેકહોલ આવેલા હોય છે અને ભવિષ્યના ગ્રેવિટેશનલ વેવનાં સંશોધન માટેના તે કેન્દ્રો બની શકે તેમ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ બ્લાઝાર એ સમગ્ર બ્રહ્માંડના સૌથી વધુ તેજસ્વી તથા ઊર્જાસભર પદાર્થો છે. 1990ના દશકમાં તેઓ ગામા–કિરણોનું ઉત્સર્જન કરે છે તેમ જાણવા મળ્યું હતું. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) ‘અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની રાષ્ટ્રીય યાદી’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યાદી ભારતની અમૂર્ત વિરાસતમાં સમાયેલ ભારતની સાંસ્કૃતિક વિવિધતાને ઓળખ આપવા માટેનો એક પ્રયાસ છે.
(2) આ યાદી ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે.
(3) આ યાદી સંસ્કૃતિ મંત્રાલયના ‘વિઝન 2024’નો એક ભાગ છે.
(4) આ યાદીમાં જે કલા/ક્રિયાને યુનેસ્કોની અમૂર્ત વિરાસતની યાદીમાં સ્થાન મળેલ હોય તેવી કલા/ક્રિયાને સમાવવામાં આવતી નથી.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)　　(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલયે ભારતની ‘અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની રાષ્ટ્રીય યાદી’નો (National List of Intangible Cultural Heritage of India) એક ડ્રાફ્ટ જાહેર કર્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ યાદી ભારતની અમૂર્ત વિરાસતમાં સમાયેલ ભારતની સાંસ્કૃતિક વિવિધતાને ઓળખ આપવા માટેનો એક પ્રયાસ છે. ઉપરાંત તે આ વિરાસત માટે જાગૃતતા કેળવવા ઈચ્છે છે જેથી તેનું યોગ્ય સંરક્ષણ થઈ શકે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પહેલ સંસ્કૃતિ મંત્રાલયના ‘વિઝન 2024’નો એક ભાગ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ યાદીમાં 100 કરતાં પણ વધુ નામનો સમાવેશ થાય છે જે પૈકી 13ને યુનેસ્કોની અમૂર્ત વિરાસતની યાદીમાં પણ સ્થાન મળેલ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
## તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
## નીચે આપેલા અમારા
## Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT